દિવ્યાંગ કલ્યાણ યોજનાઓમાં
સુધારા કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦/૨૦૨૨/૦૪૦૮/છ.૧,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/03/૨૦૨૨.

<u>વંચાણે લીધા</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૫/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:અપગ-૧૦૨૦03-૧૬૬-છ૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૦૫/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૧૩/૮૩૫૯૬૦/ન.બા.૮/છ-૧

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.30/૧૨/૨૦૨૧નો પત્ર ન.અપગ/દિવ્યાંગ યોજના/૨૧-૨૨/૫03

<u>આમુખ:-</u>

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(3) ઉપરના પત્રથી દિવ્યાંગ કલ્યાણની યોજનામાં વધુ પડતા અને બિન જરૂરી આધારો રદ કરવાની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે પરત્વે પુખ્ત વિચારણાને અંતે યોજનાઓમાં નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## <u>ઠરાવ:-</u>

[૧] વંચાણે લીધેલ ક્રમાંક: (૧) ઉપરના તા.૨૫/૦૫/૨૦૦૫ના ઠરાવથી અમલી **દિવ્યાંગો માટેની ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં મફત મુસાફરી યોજના**ના ઠરાવના ક્રમ-(૬)માં "અરજદારે તેનો આખો ફોટો પોસ્ટકાર્ડ સાઈઝમાં જિલ્લાની કચેરીએ રજૂ કરવાનો રહેશે" તે મુજબની જે શરત રાખવામાં આવેલ છે, તે આથી રદ કરવામાં આવે છે.

[૨] વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ઉપરના તા.૨૬/૦૮/૨૦૧૫ના ઠરાવથી અમલી **દિવ્યાંગ લગ્ન સહાય યોજનાના** ઠરાવના ક્રમ-૫(૪) મુજબ અરજી સાથે રજૂ કરવાના આધાર/પૂરાવામાં "બન્નેનો સંયુક્ત ફોટો/લગ્ન કંકોત્રી"ની જોગવાઈ આથી રદ કરવામાં આવે છે.

ઉક્ત યોજનાઓની વંચાણે લીધેલ તા.૨૫/૦૫/૨૦૦૫ તથા તા.૨૬/૦૮/૨૦૧૫ના ઠરાવથી નિયત કરેલ અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.